## સંક્ષિપ્ત સમાચાર

### રાષ્ટ્રીય આયુર્વેદ દિનની ઉજવણીના ભાગરૂપે નિ:શુલ્ક આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો



**ડભોઇ :** રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણીના ભાગરૂપે ડભોઇ પોલીસ સ્ટેશન ખાતે નિ:શુલ્ક આયુર્વેદ નિદાન, સારવાર તથા માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય શૈલેષ મહેતાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પ માં મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આયુર્વેદિક સારવાર તથા આરોગ્યલક્ષી માર્ગદર્શનનો લાભ લીધો હતો. વડોદરા જિલ્લા પંચાયત ના આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશભાઈ પટેલ દ્વારા ૧૧ માં રાષ્ટ્રીય આયુર્વેદ દિન નિમિત્તે આયુર્વેદિક સારવાર અને નિદાન કેમ્પ નું આયોજન કરાયું હતું. કેમ્પ માં સરકારી આયુર્વેદ ચિકિત્સકો દ્વારા વિવિધ આરોગ્ય સમસ્યાઓનું નિદાન કરી જરૂરી સારવાર તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સાથે યોગ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત લોકોને યોગના મહત્વ અને સ્વસ્થ જીવનશૈલી અંગે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશભાઈ પટેલ,જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સામંત દાહીમા,પી.આઈ.પટેલ, પોલીસ સ્ટાફ સહિતના મહાનુભાવો તેમજ આયુર્વેદ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હાંડોદની બરોડા પબ્લિક સ્કૂલમાં ગણપતિ મહોત્સવની ઉજવણી, ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવાયો




**સંખેડા :** હાંડોદ ની બરોડા પબ્લિક સ્કૂલમાં ગણપતિ મહોત્સવ ઉજવાયો બાળકો શિક્ષકો ની હાજરીમાં સત્યનારાયણ ભગવાનની કથા પૂજન અને મહા આરતી કરાઇ ગણપતિ જીને 56 ભોગ ધરાવે છે. સંખેડા તાલુકાના હાંડોદ ખાતે આવેલી બરોડા પબ્લિક સ્કૂલમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિ સ્થાપના નિમિત્તે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આજરોજ શાળાના બાળકો અને શિક્ષક ગણની ઉપસ્થિતિમાં બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સત્યનારાયણની કથા, પૂજા અને મહાઆરતીનું આયોજન કરાયું હતું. ત્યારબાદ શ્રી ગણેશજીને 56 ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. શાળાના તમામ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ માટે પ્રસાદના પેકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. વાલીઓ અને શિક્ષક ગણના સાથ-સહકારથી યોજાયેલા આ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આવા સંસ્કારલક્ષી કાર્યક્રમો થકી બરોડા પબ્લિક સ્કૂલનું નામ વધુ પ્રકાશિત થઈ રહ્યું છે, જેની લોકોમાં ચર્ચા થઈ રહી છે.

## છોટાઉદેપુરમાં ગુંજ્યો ગણેશજીનો જયજયકાર


કાલ સેના નવાપુરા પોસ્ટ ઓફિસ


નિર્મળ સોસાયટી યુવક મંડળ


પાવર હાઉસ યુવક મંડળ


એસપી બ્રધર્સ ગ્રુપ


ખુટાલીયા પોલીસ લાઇન


બિરસા મુંડા યુવક મંડળ


ગુરુકૃપા સોસાયટી


કાલીનિકેતન, ફતેપુરા

---

કોન્ટ્રાક્ટરના જવાબનો ઓડિયો વાયરલ, "૨૦મીએ ક્લીન કર્યું હતું, ખેતરનું પાણી પાછું ભરાયું"

# બહાદરપુર અંડરબ્રિજમાં ૩ દિવસથી ઘૂંટણસમા પાણી

**કોન્ટ્રાક્ટરની** કામગીરી સામે ગ્રામજનોમાં રોષ, પાંચ ગામના લોકો અને વિદ્યાર્થીઓ પરેશાન





(પ્રતિનિધિ) સંખેડા, તા.23

સંખેડા તાલુકાના બહાદરપુર ખાતે અખત્યારપુર તરફ જતા રેલવેના 74 નંબરના ઘરનાળામાં છેલ્લા ત્રણ દિવસથી ઘૂંટણસમા પાણી ભરાઈ રહેતા પાંચ ગામના લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. પાણી ભરાવાના કારણે ખેડૂતો તેમજ સ્કૂલ-કોલેજમાં જતા વિદ્યાર્થીઓને રોજિંદા અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, અંડરબ્રિજમાં પાણી ભરાયું હોવાની જાણ બે દિવસ અગાઉ કોન્ટ્રાક્ટર શર્મા સાહેબને ફોન કરીને કરવામાં આવી હતી. તેમ છતાં સ્થળ પર પાણીના નિકાલ કે સફાઈ અંગે કોઈ કામગીરી કરવામાં આવી ન હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.

આજે સ્થાનિકોએ ફરી કોન્ટ્રાક્ટરનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, "20 તારીખે બિલકુલ ક્લીન કરી દીધું હતું, પરંતુ બાજુના ખેતરનું પાણી હોવાથી ફરી ભરાઈ ગયું છે." કોન્ટ્રાક્ટર સાથેની વાતચીતનો ઓડિયો પણ સામે આવ્યો છે, જે હાલ વાયરલ થયો છે.

જોકે, ગ્રામજનોનો આક્ષેપ છે કે છેલ્લા ત્રણ દિવસથી અંડરબ્રિજમાં પાણી ભરાયેલું હોવા છતાં સ્થળ પર યોગ્ય સફાઈ કે પાણીના નિકાલની કામગીરી કરવામાં આવી નથી. જેના કારણે લોકોને જોખમભરી સ્થિતિમાં પાણીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે.

ગ્રામજનોએ તંત્ર સમક્ષ અંડરબ્રિજમાંથી તાત્કાલિક પાણીનો નિકાલ કરાવી નિયમિત સફાઈની વ્યવસ્થા કરવાની માંગ કરી છે. સાથે જ કામગીરીમાં બેદરકારી દાખવનાર જવાબદાર કોન્ટ્રાક્ટર સામે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### છોટાઉદેપુરમાં 'રેડ રન મેરેથોન'થી HIV-એઈડ્સ અને ટીબી સામે જાગૃતિ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 23

છોટાઉદેપુરમાં HIV-એઈડ્સ, ટીબી તથા જાતીય રોગો અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી આરોગ્ય શાખા દ્વારા કલેક્ટર કચેરીથી 'રેડ રન મેરેથોન'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પાઉલ વસાવાના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટીબી અને HIV ઓફિસર ડૉ. બી.એમ. ચૌહાણે લીલી ઝંડી આપી દોડને પ્રસ્થાન કરાવ્યું હતું.મેરેથોનમાં નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ, NCC કેડેટ્સ, આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ વિવિધ NGOના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. દોડ કલેક્ટર કચેરીથી શરૂ થઈ શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ પરત કચેરી ખાતે પૂર્ણ થઈ હતી.

---

હાથ-પગ દોરડાથી બાંધેલા હોવાની ચર્ચાથી હત્યાની આશંકા ઘેરી

# સાઠોડ ગામના તળાવમાંથી શંકાસ્પદ હાલતમાં આદિવાસી યુવકની લાશ મળતા ચકચાર

(પ્રતિનિધિ) ડભોઈ, તા.23

ડભોઈ તાલુકાના સાઠોડ ગામ ના તળાવ માંથી ગામની નવીનગરી માં રહેતા આદિવાસી યુવક ની દોરડા થી હાથપગ બાંધેલી હાલત માં પાણી પર તળતી લાશ મળી આવી હતી. યુવક પાછલા ત્રણ દિવસ થી શંકાસ્પદ હાલત માં ગુમ થઈ ગયો હતો.જો કે લાશ જોતા તેની હત્યા થઈ હોવાની શંકા ઉપજી રહી હોય પોલીસે સ્થળ પાંચક્યાસ કરી તપાસ હાથ ધરી છે.

ડભોઈ ના સાઠોડ ગામ ની નવીનગરી માં રહેતો ગુરૂશરન કોયજીભાઈ તડવી નામનો યુવક પાછલા ત્રણ દિવસ થી શંકાસ્પદ



હાલત માં ગુમ થઈ ગયો હતો. જેની શોધખોળ ચાલી રહી હતી. તેવામાં વહેલી સવારે ગામ ના તળાવ માં પાણી પર તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. જેથી ગામલોકો ના ટોળેટોળા તળાવ પર ભેગા થઈ ગયા હતા. બનાવ ની જાણ ડભોઈ પોલીસ ને કરાઈ હતી.જેથી પોલીસે મૃતદેહ ને તરવૈયા ની મદદ થી તળાવ કિનારે લાવી સ્થળ પંચક્યાસ કર્યું હતું. જેમાં મૃતદેહ ને નજરે જોનારા ગામ લોકો ના જણાવ્યા મુજબ તેના હાથ પગ દોરી થી બાંધેલ હોવાનું કહેવાય રહ્યું છે.ત્યારે યુવાન ની હત્યા થઈ છે કે કેમ...? હત્યા થઈ હોય તો કયા કારણસર થઈ છે...?

યુવક ને અન્ય કોઈ જગ્યા એ લઈ જઈ દારૂ પીવડાવી હાથપગ બાંધી હત્યા કર્યા બાદ તેની લાશ ગામ તળાવ માં નાખી છે કે કેમ...? આવા અણીયાળા પ્રશ્નો સાથે પોલીસે શંકાસ્પદ મૃતદેહ ને પી.એમ.અર્થે મોકલી આપ્યો હતો.જ્યારે શંકાસ્પદ મૃતદેહ મળી આવેલ હોય હત્યા ની શક્યતા ને આધારે જિલ્લા પોલીસ ની એજન્સીઓ પણ કામે લાગેલ છે.અને યુવક ની હત્યાનો ભેદ ઉકેલવા ની દિશા માં આગળ ની તપાસ હાથ ધરી છે.

---

SOYU રોડ પર ગંદકી છુપાવવા નેટ લગાવ્યાની ચર્ચા

# ડભોઈ નગરપાલિકાની સફાઈ સામે સેનેટરી ચેરમેનની જ નારાજગી

**ચેરમેનના** પત્ર બાદ તંત્રમાં ચર્ચા, પ્રાદેશિક કમિશનરની નોટિસોનો પણ ઉલ્લેખ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.23

ડભોઈનગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતાની કામગીરીને લઈને ફરી એકવાર સવાલો ઊભા થયા છે. નગરપાલિકાને અગાઉના બોર્ડ દરમિયાન સફાઈ માટે મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવા છતાં શહેરમાં ગંદકીની સમસ્યા યથાવત હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હોવા છતાં વિવિધ વિસ્તારોમાં ગંદકી જોવા



મળતી હોવાના અહેવાલો બાદ હવે નગરપાલિકાના સેનેટરી ચેરમેન પ્રકાશ વસાવાએ જ તંત્ર સમક્ષ નારાજગી વ્યક્ત કરી છે.

સેનેટરી ચેરમેન દ્વારા ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખને લખાયેલા પત્રમાં જણાવાયું છે કે, સફાઈ અંગે અવારનવાર અખબારોમાં અહેવાલો પ્રસિદ્ધ થઈ રહ્યા છે તેમજ સોશિયલ મીડિયામાં પણ શહેરની ગંદકીના મુદ્દાઓ સામે આવી રહ્યા છે. આ સ્થિતિને ગંભીર ગણાવી સફાઈ કામગીરીમાં સુધારો લાવવા સૂચના આપવામાં આવી છે.

પત્રમાં સેનેટરી ચેરમેન અને સંબંધિત સ્ટાફની કામગીરીમાં નિષ્ક્રિયતા જોવા મળતી હોવાનો ઉલ્લેખ કરી જવાબદાર કર્મચારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. અગાઉ સફાઈને લઈને પ્રાદેશિક કમિશનર દ્વારા નગરપાલિકાને નોટિસો આપવામાં આવી હોવાનો પણ ઉલ્લેખ છે.

દરમિયાન, રાષ્ટ્રપતિના સંભવિત કાર્યક્રમને ધ્યાનમાં રાખીને એસ.ઓ.યુ. રોડ પર નેટ લગાવી ગંદકી નજરે ન પડે તેવી વ્યવસ્થા કરવામાં આવી હોવાની ચર્ચા પણ થઈ હતી.

---

# બોડેલીમાં રાત્રે કલેક્ટર ગાર્ગી જૈનની ઓચિંતી મુલાકાત

**પદયાત્રા** કરી શહેરની સ્વચ્છતા વ્યવસ્થાનું કર્યું સ્થળ નિરીક્ષણ; અધિકારીઓને જરૂરી સૂચનાઓ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 23

કલેક્ટર ગાર્ગી જૈને રાત્રિના આશરે 9:00 કલાકે બોડેલી નગરપાલિકા વિસ્તારની ઓચિંતી મુલાકાત લઈ શહેરની સ્વચ્છતા વ્યવસ્થાનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું.

મુલાકાત દરમિયાન કલેક્ટર ગાર્ગી જૈને વાહનમાં નિરીક્ષણ કરવાને બદલે વિવિધ વિસ્તારોમાં ચાલીને સ્વચ્છતાની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. શહેરના જાહેર વિસ્તારો, રસ્તાઓ તેમજ આસપાસની સ્વચ્છતા વ્યવસ્થા અંગે જાણકારી મેળવી હતી.



આ ઓચિંતી મુલાકાત દરમિયાન બોડેલી નગરપાલિકાના ચીફ ઓફિસર તેમજ અન્ય સંબંધિત અધિકારીઓ પણ જોડાયા હતા. કલેક્ટર ગાર્ગી જૈને અધિકારીઓ પાસેથી શહેરમાં ચાલી રહેલી સફાઈ કામગીરી અંગે વિગતો મેળવી હતી.

શહેરમાં નિયમિત સફાઈ થાય, જાહેર સ્થળોએ સ્વચ્છતા જળવાઈ રહે અને નાગરિકોને સ્વચ્છ વાતાવરણ મળી રહે તે માટે સ્વચ્છતા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

# કવાંટના મહાકાળી મંદિર હોલ ખાતે આયુષ મેળો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 23

આયુષ મંત્રાલય (ભારત સરકાર) તથા નિયામક આયુષની કચેરી (ગાંધીનગર)ના નિર્દેશન અનુસાર તેમજ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી, છોટાઉદેપુરના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારી, છોટાઉદેપુર દ્વારા ૧૧મા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણીના ભાગરૂપે "Ayurveda for Healthier Tomorrow (સ્વસ્થ ભવિષ્ય માટે આયુર્વેદ)" થીમ અંતર્ગત કવાંટ સ્થિત મહાકાળી મંદિર હોલ ખાતે ભવ્ય 'આયુષ મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના પ્રારંભે જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. નેહા એમ. મોઢ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોગા ઈન્સ્ટ્રક્ટર દ્વારા



યોગાસનોનું ઉત્કૃષ્ટ નિદર્શન કરાવી દૈનિક જીવનમાં યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ડૉ. પલક પટેલ દ્વારા સ્વસ્થવૃત્ત, આહાર-વિહાર, દિનચર્યા તેમજ ઋતુચર્યા વિશે ઉપસ્થિતોને વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આયુર્વેદિક દવાખાનાની વિવિધ સેવાઓ તથા કામગીરીનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

સાથે સાથે આયુર્વેદિક અને હોમિયોપેથિક નિદાન સારવાર કેમ્પ યોજી દર્દીઓની મફત તપાસ કરી જરૂરી સારવાર આપવામાં આવી હતી.

# છોટાઉદેપુરમાં NCC કેડેટ્સ માટે ટીબી જાગૃતિ વર્કશોપ

**જિલ્લા** ક્ષય કેન્દ્ર ખાતે ટીબી અંગે તાલીમ અને જાગૃતિ અપાઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 23

જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ખાતે NCC ના કેડેટ્સ માટે ટીબી (એનટીઈપી )કાર્યક્રમની વિસ્તૃત જાણકારી આપવાના હેતુથી એક વિશેષ તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વર્કશોપમાં ઉપસ્થિત એનસીસી કેડેટ્સને જિલ્લા ક્ષય અધિકારી ડો. બી.એમ. ચૌહાણ દ્વારા ટીબી રોગના લક્ષણો, તેની તપાસ અને ઉપલબ્ધ સારવાર વિશે ખૂબ જ ઝીણવટપૂર્વક અને વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સાથે જ તેમણે દેશને ટીબી મુક્ત બનાવવાના સરકારી કાર્યક્રમમાં એનસીસી કેડેટ્સ પોતાની



સક્રિય ભાગીદારી નોંધાવે અને સમાજમાં જાગૃતિ ફેલાવે તેવી ખાસ અપીલ પણ કરી હતી.આ પ્રેરણાદાયી પ્રસંગે એસ. એન. કોલેજ છોટાઉદેપુરના એનસીસી ઈન્ચાર્જ પ્રોફેસર અશોક ભરવાડ તેમજ એનસીસી યુનિટ વડોદરાના ઈન્ચાર્જ રમાકાંતભાઈ ખાસ ઉપસ્થિત રહીને કેડેટ્સનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમ ના અંતે ટીબી મુક્ત ભારત ની પ્રતિજ્ઞા લેવડાવી હતી,સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા ટીબી એચઆઈવી કો-ઓર્ડીનેટર વાલસિંગભાઈ રાઠવા દ્વારા કરવામાં આવ્યું હતું.

---

FSL તપાસ બાદ માંસ ગૌવંશનું હોવાનું પોલીસનું તારણ

# પાનવડ ગામમાંથી ગૌમાંસ સાથે ત્રણ ઈસમોની ધરપકડ, ૩૫ કિલો ગૌમાંસ પકડાયુ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 23

છોટાઉદેપુર જિલ્લાના પાનવડ ગામમાં ગૌમાંસના કથિત ગેરકાયદે વેચાણ સામે પોલીસે કાર્યવાહી કરી ત્રણ ઈસમોની ધરપકડ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે પાનવડ ગામમાં એક મકાનમાં દરોડો પાડી તપાસ કરતાં શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવ્યો હતો. એફએસએલની તપાસ બાદ માંસ ગૌવંશનું હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક કે.એચ. સૂર્યવંશીના માર્ગદર્શન હેઠળ પાનવડ પોલીસ ઈન્સ્પેક્ટર



આર.કે. પરમારની ટીમે કાર્યવાહી કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ, પાનવડમાં રહેતા સલીમભાઈ ઉર્ફે બાબુ નૂરમહંમદ મકરાણીના મકાનમાં ગૌમાંસ લાવી વેચાતું હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે સ્થળે દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન 35.081 કિલો ગૌમાંસ, જેની કિંમત રૂ.10,500, માંસ કાપવાના સાધનો રૂ.2,400 તથા ત્રણ મોબાઈલ ફોન રૂ.20,000 મળી કુલ રૂ.32,900નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ, સ્થળ પર એફએસએલની ટીમની મદદથી માંસના નમૂનાની તપાસ કરાવવામાં આવી હતી.

પોલીસે સલીમભાઈ ઉર્ફે બાબુ નૂરમહંમદ મકરાણી (44), સહેજાદ સલીમભાઈ ઉર્ફે બાબુ મકરાણી (24), બંને પાનવડના તથા સાહિદભાઈ શકીલભાઈ કુરેશી (19), ગઠબોરીયાદ, તા.નસવાડીની ધરપકડ કરી છે. ત્રણેય સામે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. માંસ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને અન્ય કોઈ વ્યક્તિ સંકળાયેલી છે કે કેમ તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

# ગાયનું દૂધ ભેંસના વર્ગમાં ગણાતું હોવાનો આક્ષેપ

**ભીલવાણીયામાં** દૂધના ભાવ મુદ્દે વિવાદ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 23

બોડેલી તાલુકાના ભીલવાણીયા ગામે દૂધના વર્ગીકરણ અને ભાવને લઈને વિવાદ સામે આવ્યો છે. ભીલવાણીયા મહિલા દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખ પ્રવિણાબેન અને મંત્રી બળવંતસિંહે આક્ષેપ કર્યો છે કે મંડળીમાં આવતું ગાયનું દૂધ ફેટ અને એસએનએફની ટકાવારી વધુ હોવાના કિસ્સામાં ભેંસના દૂધના વર્ગમાં ગણવામાં આવે છે. જેના કારણે ગાયનું દૂધ ભરાવતા પશુપાલકોને પ્રતિ લિટર રૂ.12થી 15 સુધી ઓછો ભાવ મળતો હોવાનો તેમનો દાવો છે.

ભીલવાણીયા મહિલા દૂધ ઉત્પાદક મંડળી વર્ષ 1982થી



કાર્યરત છે. દૂધના વર્ગીકરણ અંગે સભાસદોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. હોદ્દેદારોના જણાવ્યા મુજબ, 9 જુલાઈના રોજ છોટાઉદેપુર જિલ્લા રજીસ્ટ્રાર અને બરોડા ડેરીના વહીવટકર્તાઓને લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં ગાયના દૂધમાં ફેટ અને એસએનએફ વધુ હોય તો પણ તેને ગાયના દૂધ તરીકે જ ગણાવી યોગ્ય ભાવ ચૂકવવાની માંગ કરાઈ છે. સાથે જ અગાઉથી થયેલા સંભવિત ભાવફેરની રકમ સભાસદોને ચૂકવવાની પણ માંગ કરવામાં આવી છે.

### સંખેડા પારેખ હાઈસ્કૂલના મેદાનમાં આદ્ય શક્તિ ગ્રૂપ નવરાત્રીની ઉજવણી કરશે

(પ્રતિનિધિ) સંખેડા, તા. 23

સંખેડા શહેરમાં નવરાત્રીના આગમનને લઈને તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સંખેડા ડી.બી. પારેખ હાઈસ્કૂલના મેદાનમાં આદ્યશક્તિ ગ્રૂપ દ્વારા આ વર્ષે ભવ્ય નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. તે અંતર્ગત આજરોજ મેદાનમાં નવરાત્રીના મુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. શ્રદ્ધાપૂર્વક ધાર્મિક વિધિ કરીને મુહૂર્ત પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંખેડા નાગરિક બેંકના ચેરમેન અને તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ સંજયભાઈ દેસાઈ, સંખેડાના સરપંચ નીતિનભાઈ શાહ, ડે. સરપંચ હિતેશ વસાવા રશ્મિ ભાઈ વસાવા જયેશભાઈ રોય સંજયભાઈ દરજી જયમીન કુમાર (જયેશ ફર્નિચર) સહિત આદ્યશક્તિ ગ્રૂપના સભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.